# 4 અમૃતા

- કિશનસિંહ ચાવડા

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. અમૃતાને સૌ કયા વહાલસોયા નામથી બોલાવતા હતા?
2. બા માટે આરસનો સુંદર ખલ કોણ લઈ આવ્યા?
3. અમુએ લગ્નમાં ભાઈને શી ભેટ આપી?
4. અમૃતા માટે રાજુબા હંમેશાં શું કહેતાં હતાં?
5. લેખક ક્યારે રડી પડ્યા?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. લગ્નમાં સગાસંબંધી તરફથી લેખકને કઈ-કઈ ભેટ મળી?
2. ભેરવકાકા કોણ હતા? તેમની શી વિશેષતા હતી?

3. અમુ સૌને બદલાઈ ગયેલી ક્યારે લાગી? શા માટે?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. અમૃતાનું પાત્રાલેખન કરો.

2. રાજુબાએ કહેલી બાના બચપણની વાત તમારા શબ્દોમાં લખો.

3. પ્રસ્તુત નિબંધમાં લેખકનો ભગિનીપ્રેમ કેવી રીતે પ્રગટ થાય છે તે દર્શાવો.

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. 'અમૃતા' કૃતિનો પ્રકાર અને તેના લેખકનું નામ લખો.
2. 'અમૃતા' કૃતિના લેખકનું ઉપનામ શું છે?

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. આ કંઠી કાઢી લે, નહીં તો હું કોઈ સાધુથી આપી દઈશ.
2. એ દિવસોમાંથી એક સંન્યાસી ભિક્ષા માગવા આવ્યો.
3. પેલી સોનામાં સેર નર્મદાના ગળામાં દીઠી નહીં.
4. અનાજમાં કોથળા ઘરે આવવા માંડ્યા.

**નીચેનાં વાક્યો માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. બા, મારા ગળામાંથી સોનાની કંઠી કાઢી લે.(વાક્યનો પ્રકાર જણાવો.)
______________________________

2. જીવ તો ન ચાલ્યો પણ પેલી પાંચીકા સાથે મશરૂની થેલીય પાણીમાં મૂકી દીધી. (સંયોજક શોધો.)
______________________________

3. મને બારમું વરસ ઊતરીને તેરમું બેઠું. (ઉદ્દેશ્યખંડ અને વિધેયખંડ ઓળખાવો.)
______________________________

4. અમુ બચી ગઈ હોત. લેખકને આનંદ થયો હતો. (આ વાક્યો જોડીને ક્રિયાતિપત્યર્થ અર્થ બતાવતું વાક્ય બનાવો.)
______________________________

5. એ કૂકા તો એના પ્રાણ, અને પાંચીકાએ રમે કેવી ! (વાક્યનો પ્રકાર જણાવો.)
______________________________

**નીચેનાં વિધાનોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારોઃ**

1. અમુની વિદાઈ ટાણે બા ની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસતાં હતાં.
______________________________

2. જે દિવસે મને પીઢી ચોળી તે દિવસે અમુ ચો ધાર આંસુએ રડી પડી.
______________________________

3. જો જે અમુ તુ આવું કાંય ના કરતી.
______________________________

**નીચેના શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. આંખ - __________ __________
2. સાધુ - __________ __________
3. સ્નેહ - __________ __________
4. ઘર - __________ __________

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવોઃ**

1. નિધન - __________ નિધાન - __________
2. ભવન - __________ ભુવન - __________
3. પરમાણુ - __________ પરમાણું - __________
4. પિતા - __________ પીતા - __________

**નીચેના શબ્દોના વિરોધી શબ્દ લખોઃ**

1. સમજણ - __________
2. તકરાર - __________
3. રૂપાળું - __________
4. વિદાય - __________
5. સ્મૃતિ - __________
6. શાંત - __________

**નીચેના શબ્દસમૂહ માટે એક-એક શબ્દ લખોઃ**

1. લગ્નપ્રસંગે વર-કન્યાને શરીરે ચોળાતો પીળો સુગંધી પદાર્થ -
2. ચાર ઘડીનો વખત -
3. ઔષધ ઘૂંટવા માટે ઘડેલો પથરો -
4. બે નદીઓનું મિલન સ્થાન -

**નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરોઃ**

1. શ્રાવણ-ભાદરવો વરસવો -
   વાક્ય -
2. ચાર હાથવાળું થવું
   વાક્ય -
3. વળતાં પાણી થવાં
   વાક્ય -
4. બાર વગાડી દેવા
   વાક્ય -
5. પોબારા ગણી જવું
   વાક્ય -

**નીચેના ગદ્યખંડને વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખોઃ**

હું નિશાળેથી આવું ત્યારે બાની મદદમાં ફોઈ, માસી, મામી બધાં હાજર હોય અને અનાજસફાઈ ચાલતી હોય. મને બારમું વરસ ઊતરીને તેરમું બેઠું. અમારા ઘરમાં ત્યાર પછી તરત જ ધમાલ શરૂ થઈ.

•